Monday
15.08.2022
✳Volume :7 ✳ Issue No.13
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

# 'અમૃત કાળ'માં બનાવીશું જનતાના સ્વપ્નનું ગુજરાત - શ્રી ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી

કમલમ્ ન્યુઝ,
ભારત તેની સ્વતંત્રતાના અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યુ છે. આ અવસર આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓ અને ક્રાંતિકારીઓના સંઘર્ષને યાદ કરવાનો છે, જેમણે સેંકડો વર્ષોથી ગુલામીની જંજીરોમાં જકડાયેલી ભારત માતાને આઝાદ કરાવવા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું. દેશ માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનારા મહાન નાયકો અને નામી-અનામી શુરવીરોના યોગદાનને ઉજાગર કરવા માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ આઝાદીની ૭૫મી વર્ષગાંઠને 'આઝાદી કા અમૃત મહોત્સવ' તરીકે ઉજવવાનું આહ્વાન કર્યુંહતું. તેની શરૂઆત ૧૨ માર્ચ, ૨૦૨૧ ના દિવસે અમદાવાદના સાબરમતી આશ્રમથી થઈ હતી. ગુજરાત આઝાદીના આ 'અમૃત મહોત્સવ'ને પૂરા ઉમંગ અને ઉત્સાહ સાથેઉજવી રહ્યુંછે. દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગુજરાતના યોગદાનનોસુવર્ણ ઈતિહાસ રહેલો છે. મહાત્મા ગાંધી અને સરદાર પટેલ સહિત ગુજરાતના અનેક સપૂતોએ સ્વાતંત્ર્ય સંગ્રામમાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું. સાબરમતી આશ્રમ એ દિવસોમાં સ્વાતંત્ર્ય ચળવળનું કેન્દ્રબિંદુ હતું. દેશભરમાંથી નેતાઓ, ચિંતકો, સમાજસેવકો અને કાર્યકરોનો મેળાવડો અહીં થતો. મહાત્મા ગાંધીના માર્ગદર્શન હેઠળ દેશને અંગ્રેજોની ચુંગાલમાંથી મુક્ત કરાવવા માટે વ્યૂહરચના અને કાર્યક્રમો બનાવવામાં આવ્યા હતા. સાબરમતી આશ્રમથી શરૂ થયેલી દાંડી યાત્રાએ બ્રિટિશ સામ્રાજ્યના પાયા હચમચાવી દીધા હતા. લોખંડી પુરૂષ વલ્લભભાઈ પટેલે અંગ્રેજો સામેની લડતમાં બારડોલી સત્યાગ્રહનુંસફળ નેતૃત્વ કર્યુંહતું. આ સફળ આંદોલન પછી તેમને 'સરદાર'નું બિરુદ આપવામાં આવ્યું. સરદાર પટેલે ૫૬૨ રજવાડાઓનું ભારત સંઘમાં વિલીનીકરણકરી અખંડ ભારતના નિર્માણનું ઐતિહાસિક કાર્ય કર્યુ હતું. શ્રી નરેન્દ્ર મોદીએ ભારતમાતાના આ સપૂતની દુનિયામાં સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યૂ ઓફ યૂનિટી' ના નિર્માણના માધ્યમથી તેમણે યથોચિત શ્રદ્ધાંજલિ અર્પિ છે. આ ઉપરાંત શ્યામજી કૃષ્ણ વર્મા, મેડમ ભીખાજી કામા અને સરદારસિંહ રાણા જેવા અનેક ગુજરાતીઓએ દેશની આઝાદી માટે યોગદાન આપ્યું હતું. દેશની આઝાદીની ચળવળમાં ગુજરાતના આદિવાસી સમાજે મહત્વની ભૂમિકા ભજવી હતી. ઈતિહાસમાં આદિવાસી સમાજના યોગદાન સાથે જોડાયેલી કેટલીક ઘટનાઓ અને નાયકોની ઉપેક્ષા કરવામાંઆવી હતી. ગોવિંદ ગુરૂના નેતૃત્વ હેઠળ, ગુજરાતના માનગઢમાં અંગ્રેજો સામે આઝાદીની લડાઈમાં લગભગ ૧૫૦૦ આદિવાસીઓ શહીદ થયા હતા. સાબરકાંઠા જિલ્લાના પાલ દઢવાવમાં પણ અંગ્રેજોએ ૧૨૦૦થીવધુ નિર્દોષઆદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓને ગોળીઓથી વિંધ્યા હતા. તેને 'ગુજરાતનો જલિયાવાલા કાંડ' પણ કહેવામાં આવે છે. શ્રી નરેન્દ્ર મોદીના મુખ્યમંત્રી કાળ દરમિયાન આદિવાસીઓની શહાદતને ઉજાગર કરવા માટે અહીં શહીદ સ્મારક બનાવવામાં આવ્યું છે. ૧ મે, ૧૯૬૦ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપનાથઈ ત્યારે અનેક પડકારો હતા. મુંબઈ જેવા સમૃદ્ધ રાજ્યમાંથી અલગ થયા બાદ ગુજરાતે મક્કમ મનોબળ અને દ્રઢતા સાથે રાજ્ય તરીકેની સફર શરૂ કરી. તે સમયે જ્યારે કૃષિ એ દેશના અર્થતંત્રની કરોડરજ્જુ હતી, ત્યારે ગુજરાત પાણીની તીવ્ર અછત અનેઅપૂરતા વરસાદને કારણે કૃષિ ક્ષેત્રે કટોકટીનો સામનો કરી રહ્યું હતુ. પરંતુ સ્વાભિમાની અને ઉત્સાહ તેમજ જુસ્સાથી ભરેલા ગુજરાતીઓએ ગુજરાતને કૃષિ સહિત તમામ ક્ષેત્રોમાં અગ્રેસર બનાવવા અથાગ પ્રયાસો કર્યા. જ્યારે શ્રી નરેન્દ્ર મોદીએ રાજ્યના મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો ત્યારથી ગુજરાતની વિકાસગાથામાં એક નવો અને સુવર્ણ અધ્યાયનો પ્રારંભ થયોહતો. તેમણે ગુજરાતને વિનાશકભૂકંપના આંચકામાંથી બેઠું કરીને વિકાસના પંથેઆગળધપાવ્યું. તેમણેવહીવટી શિથિલતાના વાતાવરણને સ્ફુર્તિવાન બનાવી લોકોમાં ઉત્સાહનો સંચાર કર્યો. એક નેતા તરીકે શ્રી નરેન્દ્ર મોદીએ તેમની નીતિ-રીતી અને કાર્યોથી નેતૃત્વની નવી વ્યાખ્યા ઘડી. રાજ્યના વિકાસનેલગતી તેમની સ્પષ્ટ અને અસરકારક નીતિઓના પરિણામે જ ગુજરાત સમગ્ર દેશમાં જ નહિ પરંતુ વિશ્વભરમાં 'વિકાસ મોડલ' તરીકે પ્રસ્થાપિત થયું છે. ગુજરાત દેશના વિકાસના 'ગ્રોથ એન્જિન' તરીકે જાણીતું બન્યું છે. છેલ્લા બે દાયકાથી ગુજરાતની વિકાસયાત્રા લોકો માટે સંશોધનનો વિષય બની છે. ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નવી હરિયાળી



ક્રાંતિ આવી છે. કૃષિ મહોત્સવની શરૂઆત કરી તેમણે એપ્રિલ અને મે મહિનાના ધગધગતા તાપમાં પણ ગામડે-ગામડે જઈને ખેડૂતોને નવી ટેકનોલોજી અને સાધનોની ભેટ આપી. પરિણામે, વર્ષ ૨૦૦૨માં ૨૩.૪૮ લાખ મેટ્રિક ટનઅનાજની સરખામણીએ આજે ૮૩.૨૫ લાખ મેટ્રિક ટનનું ઉત્પાદન કરીને ગુજરાત કૃષિ ક્ષેત્રે ક્રાંતિનો નવો અધ્યાય લખી રહ્યું છે. સરદાર સરોવર ડેમ અને ૬૯૦૦૦ કિલોમીટર લાંબા નહેર નેટવર્કની સાથે લાખો ચેકડેમોના નિર્માણથી ગુજરાતના ખેડૂતો માટે સિંચાઈની સુવિધા વધુ મજબૂત બની છે. પશુ આરોગ્ય મેળાનું આયોજન કરી અને પ્રાણીઓની સાર-સંભાળ માટે ઝુંબેશ ચલાવવામાં આવી પરિણામે ગુજરાતનું દૂધ ઉત્પાદન વર્ષ ૨૦૦૨માં ૬૦ લાખ મેટ્રિક ટન હતું તે વધીને આજે ૧૫૮ લાખ મેટ્રિક ટન થયું છે. શિક્ષણ ક્ષેત્રની વાત કરીએ તો, ગુજરાતમાં કન્યા શિક્ષણ અને શાળા છોડવાનો દર મુખ્ય ચિંતાનો વિષય હતો. આ માટે શ્રી નરેન્દ્ર મોદીએ 'કન્યા કેળવણી' અને 'શાળાપ્રવેશોત્સવ' જેવા અભિયાન પ્રારંભ કર્યા અને આજે આ બંને ક્ષેત્રે રાજ્યની પરિસ્થિતિમાં નોંધપાત્ર સુધાર આવ્યો છે. ટેકનોલોજી દ્વારા શિક્ષણનું સ્તર સુધારવા માટે ગુજરાતે 'વિદ્યા સમીક્ષા કેન્દ્ર'ની સ્થાપના કરી જેની દેશ અને દુનિયામાં પ્રશંસા થઈ રહી છે. ૨૦ વર્ષ પહેલા ગુજરાતમાં યુનિવર્સિટીઓનીસંખ્યા ૨૧ હતી, આજેતે વધીને ૧૦૨ થઈ ગઈછે. તેવી જ રીતે એન્જીનીયરીંગ અને મેડીકલ સીટોમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ઔદ્યોગિક રાજ્ય તરીકેની પોતાની છબી અનુરૂપ ગુજરાત દેશના વિકાસમાં અગ્રેસર બન્યું છે. શ્રી નરેન્દ્ર મોદીએ વાઈબ્રન્ટ ગુજરાત સમિટનું આયોજન કરીને ગુજરાતમાં રોકાણ અને ઉદ્યોગોનેઆકર્ષ્યા છે. રાજ્યનું ઔદ્યોગિકઉત્પાદન ૨૦ વર્ષપહેલા રૂ. ૧.૨૭ લાખ કરોડથી વધીને આજેરૂ. ૧૬.૧૯ લાખ કરોડ થયું છે. MSME ઉદ્યોગોની સંખ્યા પણ આજે ૨.૭૪ લાખ વધીને ૮.૬૬ લાખ થઈ છે. વિદેશી મૂડી રોકાણ (FDI) મેળવવામાં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે છે. ગુજરાતનું 'ગિફ્ટ સિટી' આર્થિક પ્રવૃતિના વૈશ્વિક હબ તરીકેપોતાની ઓળખબનાવી રહ્યું છે. ગુજરાતમાં આરોગ્યક્ષેત્રે પણ નોંધપાત્ર પ્રગતિ થઈ છે. રાજ્યમાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની સારવાર માટે 'મા' અને 'મા અમૃતમ' જેવી યોજનાઓ અમલમાં છે. ૨૦ વર્ષ પહેલાની સરખામણીમાં ડોકટરો અને નર્સોની સંખ્યામાં ત્રણ ગણો વધારોથયોછે. હોસ્પિટલમાંપ્રસૂતિ દર ૯૯.૫% છે. બાળ મૃત્યુદરમાં પણ ૫૫ ટકાનો નોંધપાત્ર ઘટાડો થયો છે. ગુજરાત સલામત અને શાંતિપૂર્ણરાજ્ય છે. ગુજરાત શાંતિ અને સલામતીના પાયા પર વિકાસનાપંથેઆગળ વધી રહ્યું છે. રમખાણો હવે ભૂતકાળ બની ગયા છે. રાજ્યની પોલીસ બોડી-વોર્ન કેમેરા, ઈન્ટરસેપ્ટર વાન અનેસ્પીડ ગનથી સજ્જ છે. ગુજરાતે જાહેર સુરક્ષા માટે મહત્વપૂર્ણ 'સાયબર આશ્વસ્ત' અને 'વિશ્વાસ પ્રોજેક્ટ' શરૂ કરીને દેશને નવી રાહ ચીંધી છે. ગુજરાતે દેશની પ્રથમ ફોરેન્સિક યુનિવર્સિટીની પણ સ્થાપના કરી છે. રોજગાર અને સ્ટાર્ટઅપની બાબતમાં ગુજરાતે દેશભરમાં શાનદાર પ્રદર્શન કર્યુ છે. ગુજરાતે યુવા શક્તિને પ્રોત્સાહિત કરવા સ્ટાર્ટઅપ પોલિસી જાહેર કરી છે, જે અંતર્ગત તેમને આકર્ષક પ્રોત્સાહનો આપવામાં આવે છે. ગુજરાત સતત ત્રણ વર્ષથી સ્ટાર્ટઅપ રેંકિંગમાં દેશમાં ટોચ પર છે. ઉર્જા ક્ષેત્ર પ્રગતિ, વિકાસ અને સમૃદ્ધિનું પ્રતિક છે. ઉર્જા ક્ષેત્રે ગુજરાતે હરણફાળ ભરી છે. રાજ્યમાં ૨૦ વર્ષ પહેલાં ૮,૭૫૦ મેગાવોટની સરખામણીએ આજે ૪૦,૧૩૮ મેગાવોટ ઉર્જાનું ઉત્પાદન થઈ રહ્યું છે. રિન્યુએબલ એનર્જીનુંઉત્પાદન ૨૦વર્ષ પહેલા માત્ર ૯૯મેગાવોટ થતુહતુ જે વધીનેઆજે ૧૬,૫૮૮ મેગાવોટ થયુંછે. ૩ લાખ સ્થળોએ સોલાર રૂફ ટોપ લગાવીને ૧,૧૭૧ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવામાં આવી રહી છે. રાજ્યમાં ૪૦,૦૦૦ કિલોમીટરથી વધુ ગેસ પાઈપલાઈન નેટવર્ક છે. ગુજરાતમાં વંચિત, શોષિત અને પછાત વર્ગના કલ્યાણ માટે વિશેષ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. યોજનાનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. 'સેવા સેતુ' કાર્યક્રમ દ્વારા ઘર આંગણે વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. 'ઉજ્જ્વલા યોજના' હેઠળ લગભગ ૩૫ લાખ ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે, પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી અને ગ્રામીણ) હેઠળ અનુક્રમે ૬.૨૪ લાખ અને ૩.૨૧ લાખ મકાનો બનાવવામાં આવ્યા છે. ૪૩ લાખથી વધુ ઘરોમાં વ્યક્તિગત શૌચાલયની સુવિધા પૂરી પાડવામાં આવી છે. 'આઝાદી કાઅમૃત મહોત્સવ' નાઉપલક્ષ્યમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના આહ્વાન પર જળ સંરક્ષણના માધ્યમથી રાજ્યની જળ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ગુજરાતના દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવરોનુંનિર્માણ કાર્ય પુરજોશમાં ચાલી રહ્યુ છે. આઝાદીની ૭૫મી વર્ષગાંઠને યાદગાર બનાવવા અને લોકોમાં રાષ્ટ્રભાવ જગાવવાના ઉદ્દેશ્ય સાથેપ્રધાનમંત્રીના 'હર ઘર તિરંગા' અભિયાનને ગુજરાતની પ્રજાનુંઅદ્ભુતસમર્થન મળી રહ્યું છે. સંપૂર્ણ ગુજરાત દેશભક્તિની ભાવના સાથે તિરંગામય બની ગયું છે. આઝાદીના આ 'અમૃત કાળ'માં ગુજરાત વિકાસના નવા આયામો સર કરવા સંકલ્પબદ્ધ છે. રાજ્ય સરકાર વિવિધ યોજનાઓ દ્વારા સમાજના દરેક વર્ગના કલ્યાણઅને સમૃદ્ધિ માટે પ્રયત્નશીલ છે. અમે ગુજરાતની સાડા છ કરોડની જનતાના સપનાના ગુજરાતનું નિર્માણ કરવા પ્રતિબદ્ધ છીએ.

## રાષ્ટ્રભક્તિ અને તિરંગા પ્રતિ સન્માન વ્યકત કરવાનો અમૂલ્ય અવસર પ્રાપ્ત થયો છે: રાજ્યપાલશ્રી

### આઝાદીના અમૃત મહોત્સવ અવસરે ભારતીય તટરક્ષક દળના ૭૫ બાઇક સવારો દ્વારા ૭૫ કિ.મી.ની યોજાયેલી બાઇક રેલીને રાજભવનથી પ્રસ્થાન કરાવતા રાજ્યપાલશ્રી

કમલમ્ ન્યુઝ,
ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્યદેવવ્રતે આઝાદીનાઅમૃત મહોત્સવ પ્રસંગે "હર ઘર તિરંગા જાગરૂકતા અભિયાન" અંતર્ગત ભારતીય તટરક્ષક દળના ૭૫ જવાનો દ્વારા ૭૫ કિલોમીટરની યોજાયેલી બાઈક રેલીનેરાજભવન ખાતેથી પ્રસ્થાન કરાવતા જણાવ્યું હતું કે હર ઘર તિરંગા અભિયાન દ્વારા નાગરિકોનેરાષ્ટ્રભક્તિ અને તિરંગા પ્રત્યે સન્માન વ્યકત કરવાનોઅમૂલ્ય અવસર પ્રાપ્ત થયો છે. રાજ્યપાલશ્રીએ ગુજરાતના ૧૬૦૦ કિલોમીટરના દરિયા કિનારાની રક્ષા માટે "વયં રક્ષામ:" નાકર્મમંત્ર સાથે સદૈવ તત્પર રહેતા ભારતીય તટ રક્ષક દળના જવાનોના સાહસ, શૌર્ય અને કૌશલ્યની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે સમુદ્રની ઉછળતી લહેરો વચ્ચે ફસાયેલા લોકોનો બચાવ હોય કે કુદરતી આપત્તિમાં સપડાયેલા લોકોને મદદનીજરૂરત હોય ત્યારે ભારતીય રક્ષક દળના જવાનો હંમેશા મદદ માટે તૈયાર હોયછે. ભારતીય તટ રક્ષકદળના અધિકારીઓની ધર્મપત્નીઓના સંગઠન "તટરક્ષિકા" દ્વારા સંગઠનના મહિલા સભ્યો, તટરક્ષક મહિલા અધિકારીઓ તેમજ સ્થાનિક વહીવટી તંત્રના મહિલા અધિકારીઓએ સાથે મળી હર ઘર તિરંગાઅભિયાન અંતર્ગત "નારી શક્તિ - સ્વચ્છતાથી સુરક્ષા" કાર્યક્રમ દ્વારા તટિય વિસ્તારમાં વસવાટ કરતા માછીમાર સમુદાયની મહિલાઓમાં તટીય સુરક્ષા અને સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવા તેમજ રાષ્ટ્રભાવના સુદૃઢ કરવા માટે જે પ્રયાસો કરવામાં આવ્યા તે માટે રાજ્યપાલશ્રીએ સંગઠનના મહિલા સભ્યોને ધન્યવાદ પાઠવ્યા હતા.રાજ્યપાલશ્રીએ તટીય સુરક્ષા સાથે રાષ્ટ્રના સ્વાભિમાની રક્ષા માટે હંમેશા તત્પર રહેતા ભારતીય તટરક્ષક દળનાજવાનો પ્રત્યે સમગ્ર દેશને ગૌરવ છે તેમ જણાવી આ બાઈક રેલીને રાષ્ટ્ર પ્રત્યે સમર્પણ ભાવ અને દેશભક્તિની સુદ્રઢ કરવાનાસંનિષ્ઠ પ્રયાસરૂપે ગણાવી સૌને શુભકામના પાઠવી હતી. આ પ્રસંગે ભારતીય તટરક્ષક દળના ઉત્તર પશ્ચિમ ક્ષેત્રના મહાનિરીક્ષક કમાન્ડર શ્રી અનિલકુમાર હરબોલા એ મહાનુભાવોનું સ્વાગત કરતા



જણાવ્યું હતું કે રાષ્ટ્રધ્વજ પ્રતિ સન્માનની ભાવના બળવત્તર બને અને લોકોમાં જાગૃતિ આવે તે ઉદ્દેશથી ભારતીય કોસ્ટ ગાર્ડના જખૌ, મુન્દ્રા, વાડીનાર, ઓખા, પોરબંદર, વેરાવળ, પીપાવાવ અને સુરત કેન્દ્રો પરથીપણ આ જ સમયે એક સાથે બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે શાળા કોલેજોમાં જાગૃતિ માટે કરવામાં આવી રહેલા પ્રયાસોને પણ દોહરાવ્યા હતા આ પ્રસંગેઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના ચીફ જનરલ મેનેજર ફાઈનાન્સ શ્રી કે. કે. મહેતા પણ ઉપસ્થિત રહ્યા હતા અને સૌને શુભકામનાઓપાઠવી હતી.

## મહાત્મા ગાંધીની જન્મભૂમિ પોરબંદર તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવતા હું મારી જાતને ધન્ય ગણું છું : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

### ''આઝાદીનો અમૃત મહોત્સવ''એ રાષ્ટ્રવીરોને યાદ કરવાની સાથે દેશ માટે સમર્પિત થઈ રાષ્ટ્રભાવના ઉજાગર કરવાનો પણ અવસર છે





કમલમ્ ન્યુઝ,
મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ પોરબંદરથી તિરંગા રેલીનેપ્રસ્થાન કરાવી કહ્યુ હતું કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ પોરબંદરથી તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવતા હું મારી જાતને ધન્ય ગણું છું. આસંદર્ભમાં તેઓએસ્પષ્ટ કહ્યુ કે, "આઝાદીનો અમૃત મહોત્સવ" દેશ માટે બલિદાન આપનારા રાષ્ટ્રવીરોને યાદ કરવાનો અવસર તો છે જ પરંતુ સાથે સાથે દેશ માટે સમર્પિત થવાનો અવસર છે તેમ જણાવી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ પ્રગતિ કરી રહ્યો છે ત્યારે વિકાસયાત્રામાં પણ સહભાગી થવા તેઓએ અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, મહાત્મા ગાંધીજીએ સ્વરાજની સ્થાપના કરી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સુરાજ્યની સ્થાપના થઈ છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ તિરંગા રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. પોરબંદરની વિવિધ સંસ્થાઓ તેમજ વિવિધ અગ્રણીઓ દ્વારા મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કરવામાં આવ્યું હતું. પોરબંદરના સુદામા ચોક ખાતેથી તિરંગા યાત્રામાં મુખ્યમંત્રી પોરબંદરના વિવિધ માર્ગોમાં સહભાગી થઈ પ્રજાજનોને શુભકામના પાઠવી હતી. ભાગવતાચાર્ય શ્રીરમેશભાઈ ઓઝાએ સૌને શુભકામના પાઠવતા કહ્યુંકે, જે રીતે લોટમાં રોટલા વખતે પાણી બધા તત્વોને જકડી રાખે છે તે રીતે રાષ્ટ્રભક્તિ આપણનેજકડી રાખે છે. ભારત માતાના જમણા હાથમાં ગુજરાત છે, તેમ જણાવીને તેમણે ગુજરાતના સપૂતોને યાદ કર્યા હતા. ધારાસભ્ય શ્રી બાબુભાઈ બોખીરીયાએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાષ્ટ્ર સેવાનાઅભિયાનો તેમજ ઘર તિરંગા અભિયાનમાં જોડાયેલા નાગરિકોને શુભકામના પાઠવી હતી. આ પ્રસંગે સાંસદ શ્રી રમેશભાઈ ધડુક, સાંસદ શ્રી રામભાઈ મોકરીયા, સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી મંજુબેન કારાવદરા, જિલ્લા ભાજપના પ્રમુખ શ્રી કિરીટભાઈ મોઢવાડિયા, નગરપાલિકાના પ્રમુખ શ્રી સરજુભાઈ કારીયા, અગ્રણી શ્રી જીગ્નેશભાઈ કારીયા શ્રી મહેશભાઈ , મહંતોમાં શ્રી ભાનુ પ્રકાશ સ્વામી, શ્રી વસંત બાવા તેમજ અગ્રણીઓ અને સંગઠનના પદાધિકારીઓ ઉપરાંત અધિકારીઓમાં ઈન્ચાર્જ કલેક્ટર શ્રી વી. કે. અડવાણી અને વરિષ્ઠ પોલીસ અધિકારીઓ તેમજ નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાહતા.

## ગાંધીનગર ખાતે 'મેમરીઝ ઓફ ૧૯૪૭ પાર્ટીશન' વિષય પર વ્યાખ્યાન યોજાયું

### હર ઘર તિરંગા અભિયાનથી દેશના વિવિધ સમાજમાં ભેદભાવો ભૂલી સમરસતામાં વધારો થયો છે: સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી









કમલમ્ ન્યુઝ,
કેન્દ્રીયસાંસ્કૃતિક મંત્રાલય, ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટ્સ, પ્રાદેશિક કેન્દ્ર વડોદરા તથા ઉદગમ ચેરિટેબલ ટ્રસ્ટ, કડી સર્વ વિદ્યાલય અને ઉમા આર્ટ્સ અને નાથીબા મહિલા કોમર્સ કોલેજ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 'મેમરીઝ ઓફ ૧૯૪૭ પાર્ટીશન' વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક ઉદબોધનકરતા રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતુ કે, આઝાદીના અમૃત મહોત્સવ દરમિયાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સમગ્ર દેશમાં ઉજવણી કરાઈ રહેલા 'હર ઘર તિરંગા અભિયાન'થી નાગરિકો, સમુદાયો પોતાના અંગત રાગ-દ્વેષ, ભેદભાવો ભૂલી રહ્યાં છે અને સામાજિક સમરસતામાં વધારો થઈ રહ્યો છે.

મંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ તા. ૧૩થી ૧૫ ઓગષ્ટ દરમિયાન સૌ દેશવાસીઓને પોતાના ઘર, કચેરી તથા ધંધાના સ્થળે તિરંગોફરકાવવા માટે જે આહ્વાન કર્યુંછે, તેને આજે દેશવાસીઓએ ચળવળ તરીકે ઉપાડી લીધું છે. સમગ્ર દેશ તિરંગામય થઈ ગયો છે. આઝાદીનો અમૃત મહોત્સવ સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનને યાદ કરવાનો યોગ્ય સમય છે. રાજ્યમાં અત્યારે એક કરોડથી વધુ ઘરમાં તિરંગો ફરકાવીને સ્વાધીનતાના સેનાનીઓને સલામી આપવામાંઆવીછે. આવનારા ૨૫ વર્ષો ભારતના છે. પ્રધાનમંત્રીશ્રીની સ્વસ્થ અને સ્વચ્છ ભારતની પરિકલ્પના સાકાર કરવા, નવા ભારતના નિર્માણ માટે સૌ વિદ્યાર્થીઓને યોગદાન આપવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ગાંધીનગરના મેયર શ્રી હિતેષભાઈ મકવાણાતથા કડી સર્વ વિદ્યાલયના વ્યાખ્યાતાઓ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

